**<u>:: રે.દિ.મુ.નં. ૨૯/૨૦૧૫ ના કામે આંક–૫ ની મનાઈ હુકમની અરજી નીચે હુકમ ::</u>**

(૧) વાદીએ હાલની સી.પી.સી.ઓર્ડર ૩૯, રુલ ૧–૨ તથા કલમ–૧૫૧ અન્વયે પ્રતિવાદી વિરુઘ્ધ આપી એવી દાદ માંગેલ છે કે, મોજે માછીયેલ તા.માતર, જી.ખેડાની બ્લોક નં.૧૪૯ વાળી દાવા અરજીના પેરા(૧) માં જણાવેલ જમીન પ્રતિવાદીઓ કે તેમના નોકરો, ચાકરો, એજન્ટો, એસાઈનીઓ મળતીયાઓ, વંશવાલી વારસો, એકઝીકયુટર્સ, કુલ મુખત્યારો કે તેમના માણસો ઈત્યાદિ તમામ મજકુર જમીન અન્ય કોઈપણ ત્રાહિત ઈસમોને, સંસ્થાને, વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય રીતે ટ્રાન્સફર,એસાઈન કે તબદીલ કરે કરાવે નહી તથા દાવાવાળી જમીન ઉપર કોઈપણ ઈસમનો બોજો ચાર્જ લીયનરાઈટસ ઉત્પન્ન કરે કરાવે નહી તથા દાવાવાળી જમીન વાદીઓના શાંત પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોઈ તેમાં કોઈ હરકત અંતરાય કે અવરોધ અડચણ કરે કરાવે નહી કે દાવાવાળી જમીનમાંથી તેઓને ખેતી કરી ઉપજો નિપજો લેતા અટકાવે નહી તથા તેઓએ ઉછેરેલા ઝાડો તેમજ રઈનો પાક કરેલ છે તે તથા તેઓ કરે તે પાક કાપી કપાવી લઈ ન લે તેમજ તેમના ચાલુના પ્રત્યક્ષ કબજા ભોગવટાને નુકશાન કરે કરાવે નહી તથા વાદીઓના દાવાવાળી જમીન પરત્વેના તેમના હકકોને નુકશાન થાય તેવા કૃત્યો વ્યવહારો લખાણો કરે કરાવે નહી તેવો કા ચલાઉ મનાઈ હુકમ વાદીઓના લાભમાં પ્રતિવાદીઓ તેમજ તેઓના નોકરો, ચાકરો, એજન્ટો, એસાઈનીઓ સામે ફરમાવવા ન્યાયના હિતમાં હુકમ કરી આપાવા તથા મનાઈ અરજી લગત અત્રેની કોર્ટને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ વાદીઓને અપાવવા તથા મનાઈ અરજીનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવશોજી.

(૨) વાદીની હાલની મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, ડીસ્ટ્રીકટ ખેડા સબ ડીસ્ટ્રીકટ માતરના મોજે માછીએલ ગામની સીમની બ્લોક નં.૧૪૯ જેનો સર્વે

નં.૭૭/૧ વાળી ૦ હે.૩૦ ગુંઠા ૩૫ આર આકાર રૂા.૨/૦૬ પૈસા વાળી જમીન વાદીઓના ગુજ.વડીલપૂર્વજ સોમાભાઈ ધુળાભાઈ સોઢાપરમાર અને ચતુરભાઈ ધુળાભાઈ સોઢાપરમારનાઓએ તા.૩૦/૧૧/૫૬ ના રોજ ગુજરના પ્રતિવાદી નં.(૧) કાનજીભાઈ શંકરભાઈ પરમાર પાસેથી રૂા.૫૮૦/– માં વેચાણ રાખેલ છે અને અવેજની રકમ રૂા.૫૮૦/– ચુકવી આપેલ છે આમ સૌ કોઈની જાણમાં સદરહું જમીન વાદીઓના ગુજરનાર વડીલપૂર્વજોના પ્રત્યક્ષ કબજે ભોગવટે જમીન ખેડી વાવી ઉપજો લેતી આવેલી છે અને જેઓ ગુજરી જતાં વાદીઓનો વારસાઈ હકકે પ્રત્યક્ષ કબજે ભોગવટે માલીકી હકકથી આવેલી છે અને સદરહું જમીનમાંથી ૦ હે.૧૮ ગુંઠા ૬૨ આર જમીનમાં ઓમાન ઓઈલ રીફાઈનરીએ વપરાશી હકકથી પાઈપ લાઈન નાંખેલ છે અને આમ ઉપરદળ ખેતી કરી ઉપજો લેતી વાદીઓની ખેડી વાવી ઉપજો લેતી જમીન આવેલી છે સદરહું જમીનમાં તેઓએ ચાલુ સાલે જુવાર(જાર) નો પાક કરેલો પરંતુ તે પ્રતિવાદી નં.(૧)(અ)નાઓએ તદ્દન ગેરકાયદેસર રીતે કાપી કધપાવી ભેલાડી દેતાં તેઓએ માતર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ છે સદરહું જમીનમાં ખુંટ એ પ્રમાણે છે કે, પૂર્વે :– બ્લોક નં.૧૪૮ અને બ્લોક નં.૧૪૬ વાળી જમીન આવેલી છે. પશ્ચિમે :– બ્લોક નં.૧૫૩ વાળી જમીન આવેલી છે. ઉત્તર :– બ્લોક નં.૨૬૦ અને ૨૬૧ વાળી જમીન આવેલી છે. દક્ષિણે :– બ્લોક નં.૧૫૦ વાળી જમીન આવેલી છે. આમ ઉપરોકત જણાવેલ ખુંટ વર્ણન વચ્ચેની મનાઈ અરજીમાં દાવાવાળી બ્લોક નં.૧૪૯ વાળી શેઢાપાળી વાડ વળગણી, ઝાડ બીડ સહિતની રઈનો પાક કરેલ જમીન આવેલી છે. ઉપર જણાવેલ જમીન અંગે અગાઉ કૃષિપંચ મામલતદાર સાહેબીન કોર્ટમાં પણ ગણોત કેસ ચાલેલ છે તેમાં પણ વાદીઓના ગુજરનાર વડીપૂર્વજોએ દાવાવાળી જમીનનો અવેજ આપી વેચાણ રાખેલી પ્રત્યક્ષ માલીકી કબજે ભોગવટે આવેલ છેની હકીકત સ્પષ્ટ થયેલ છે અને આમ દાવાવાળી જમીન ગુજ. પ્રતિવાદી નં.૧ નાઓએ અવેજ લઈ વેચાણ આપી દીધેલ હોવાથી જેઓ ગુજરી જતાં જેઓના વારસદારોએ પણ કદાપિ વાંધો ઉઠાવેલ નથી કે રેકર્ડે કોઈ જ વારસાઈ પણ કરાવેલ નથી જે નિર્વિવાદ હકીકત છે પરંતુ હાલમાં જમીનોની કિંમતો ખુબ જ વધી ગયેલ હોવાથી પ્રતિવાદી નં.(૧) (અ) અને (૧) (બ)નાઓની બદદાનત થયેલી

હોવાથી જેઓને દાવાવાળી જમીનના રેકર્ડે કહેવાતી મોંઘમ હકીકતો ઉપજાવી કાઢી વારસાઈની નોંધ નં.૧૯૭૪ તા.૬/૬/૧૨ ના રોજ પડાવી દીધેલ તેની જાણ વાદીઓને થતાં તેઓએ તા.૨૩/૭/૧૨ ના રોજ શ્રી મામલતદાર સાહેબ માતરની કચેરીમાં વાંધા અરજી આપેલી અને આમ વાદગ્રસ્ત નોંધ નં.૧૯૭૪ તકરારી થયેલી હોવા છતાં પણ પ્રતિવાદી નં.(૧) (અ) અને (બ) નાઓ ખોટુ કરવામાં પારઘા હોઈ જેઓને કહેવાતી વાદગ્રસ્ત વારસાઈની નોંધ નં.૧૯૭૪ તા.૨૪/૭/૧૨ ના રોજ શ્રી સર્કલ મામલતદાર સાહેબ પાસે પ્રમાણીત કરાવી દીધેલી અને તેની જાણ વાદીઓએ શ્રી પ્રાંત કલેકટર સાહેબ ખેડાની કોર્ટમાં આર.ટી.એસ.અ.નં.૨૪૦/૧૨ તા.૩૧/૭/૧૨ ના રોજ કરેલી અને શ્રી પ્રાંત કલેકટર સાહેબે વાદગ્રસ્ત નોંધ નં.૧૯૭૪ ની અમલવાહી મોકુફ રાખવા મનાઈ હુકમ આપેલ છે પરંતુ સદરહું કામના પ્રતિવાદી નં.ર ની વાદીઓની દાવાવાળી બ્લોક નં.૧૪૯ વાળી જમીનની પૂર્વ દિશાએ આવેલી હોઈ જેઓને પ્રતિવાદી નં.(૧)(અ) અને (૧) (બ) નાઓએ બ્લોક નં.૧૪૯ વાળી જમીન રૂા.ર,ર૭,૦૦૦/– માં વેચાણ આપ્યાનો દસ્તાવેજ નં.૭૮૦/૧૨ તા.૨૫/૭/૧૨ ના રોજ કરી દીધેલ છે જેની જાણ વાદીઓએ તા.૨૭/૭/૧૨ ના રોજ દાવાવાળી જમીનની નકલો કઢાવતા થતાં ગામ રેકર્ડે કહેવાતા મોંઘમ હીકકતોવાળા વેચાણ દસ્તાવેજ નોંધ નં.૧૯૯૪ પડેલ તેની જાણ થતાં તેઓએ વાદગ્રસ્ત નોંધ નં.૧૯૯૪ પ્રથમથી નલીટી નોંધ હોઈ જે નામંજુર (રદ) કરવા તા.૦૪/૦૮/૨૦૧૨ ના રોજ વાંધા અરજી આપેલ છે અને આમ, સદરહું નોંધ તકરારી રજીસ્ટરે નોંધાયેલ છે આમ દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદીઓનો કોઈ જ કબજો ભોગવટો માલીકી હકક આવેલો નથી જે નિર્વિવાદ હકીકત છે અને વાદીઓની દાવાવાળી જમીન વારસાઈ હકકથી કાયદેસરની આવેલી હોઈ જેમાં તેઓ જાતે ખેડી વાવી ખેતી કરી ઉપજો લેતા આવેલા હોઈ ચાલુ ચોમાસુ સિઝનમાં જુવાર(જાર) નો પાક કરેલો અને જે ઉભો આવેલો તેમ છતાં સદર પ્રતિવાદીઓને વાદીઓની દાવાવાળી જમીન અંગે કંઈ લાગે વળગતુ ન હોવા છતાં પણ પ્રતિવાદી નં.(૧) (અ)નાઓએ જુવારનો પાક તા.૨૩/૦૯/૧૨ ના રોજ કાપી કપાવી ભેલાડી લઈ જતાં તેઓએ માતર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ છે અને જેમાં પ્રતિવાદી નં.(૧)(અ) ની માતર પોલીસે અટક કરી

જામીન લીધેલ છે તેમજ તેઓએ રઈનો પાક કરેલ છે આમ, પ્રતિવાદીઓએ એક બીજાના મેળાપીપણામાં વાદીઓના દાવાવાળી જમીન પરત્વેના કાયદેસરના હકકોને નુકશાન પહોંચાડવાના બદઈરાદે ખોટી ગેરકાયદેસરની વાદગ્રસ્ત નોંધ નં.૧૯૭૪ વારસાઈની પડાવી દઈ જેની સામે મનાઈ હુકમ હોવા છતાં ગેરકાયદેસરનો બીન અમલી સત્તા વગરનો અને નલીટી સ્વરૂપનો દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ કરેલ છે વાદીઓના ઉપરોકત જણાવ્યા પ્રમાણે વાદીઓના ગુજ.વડીલ પૂર્વજોએ વેચાણ રાખેલ જમીન તથા કબજા સંદર્ભે ઉપલબ્ધ તમામ હકકોના અનુસંધાનમાં પ્રતિવાદીઓ નં.(૧)(અ) અને (બ) ને દાવાવાળી જમીન અન્ય કોઈપણ ત્રાહિત ઈસમોને વેચાણ આપવાની કોઈ સત્તા કે અધિકાર ન હતો અને નથી જેથી પ્રતિવાદી નં.૨ નો સદર કહેવાતો વેચાણ દસ્તાવેજ સત્તા અધિકાર વગરનો છે વાદીઓ વારસાઈ હકકથી દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ માલીકી કબજો ભોગવટો ધરાવે છે જેથી દાવાવાળી જમીનના સ્થળ ઉપર કોઈ કબજાની તબદીલી થયેલી નથી સદર કહેવાતો વેચાણ દસ્તાવેજ બીન અમલી છે આ તમામ હકીકતોએ પ્રતિવાદીઓ દાવાવાળી જમીન પરત્વેના તેમના હકકોને નુકશાન કરવાના આર્થિક રીતે તોડ કરવાના બદઆશયપૂર્વક વેચાણ દસ્તાવેજ કરેલ છે એ તેમની સાથે ખોટા લડાઈ ઝઘડાઓ કરતા અને જુવારનો પાક કાપી કપાવી ભેલાડી નુકશાન કરતા પોલીસ ફરીયાદ કરવી પડેલ છે જેથી સદર કેહવાતો વેચાણ દસ્તાવેજ માલાફાઈડ વોઈડ એબઈનીશીયો અને નલીટી સ્વરૂનો છે જેથી રદ થવાને પાત્ર છે આમ પ્રતિવાદીઓને એકબીજાના મેળાપીપણામાં કરેલ તા.૨૫/૭/૧૨ ના રોજનો દ.નં.૭૮૦/૧૨ રદ કરાવવા અને તેઓ જાતે ખેડી વાવી ઉપજો લેતા આવેલા હોઈ તેમનો કાયદેસરનો કબજો ભોગવટો આવેલો હોઈ તેઓ ઉપજો લે તેમાં ખોટો હેલો હરકત આડ અંતરાય અવરોધ પ્રતિવાદીઓ કરે કરાવે નહી તેમજ દાવાવાળી જમીનમાં તેઓએ ઉછેરેલા આવેલ ઝાડો તેમજ તેઓ પાક કરે તે કાપી કપાવી ન લે તેમજ જમીનનો કબજો પડાવી ન લે તે માટે પ્રતિવાદીઓને તેઓના નોકરો, ચાકરો તેમજ જમીનનો કબજો પડાવી ન લે તે માટે પ્રતિવાદીઓને તેઓના નોકરો, ચાકરો, એજન્ટો, એસાઈનીઓ સહીતનો જાથુનો મનાઈ હુકમ ફરમાવવા તેમજ વાદીઓ એડવર્સ પઝેશનના સિધ્ધાંત મુજબ પણ

દાવાવાળી જમીનની માલીક અને કબજેદાર થઈ ગયેલ છે જાહેર કરવા તેમજ અત્રેની કોર્ટે દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવો પડેના તારણ ઉપર આવે તો પ્રતિવાદી નં.(૧)(અ) અને(બ) નાઓ વેચાણ દસ્તાવેજ કરી આપે અને નોકરી આપે તો કોઈ કમિશ્નર નીમાવી કરાવી લે તે માટે પ્રતિવાદીઓ સામે દાદો મેળવવા આ દાવો કરેલ છે અને આમ, સદરહું દાવાનો આખરી નિકાલ થતા સુધી પ્રતિવાદીઓના ગેરકાયદેસરના કૃત્યોને રોકવા માટે આ મનાઈ અરજીનું કારણ અત્રેની કોર્ટમાં તેમજ સ્થાનિક હકુમતમાં મનાઈ અરજી કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે. જેથી કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે આ મનાઈ અરજી પ્રતિવાદીઓ સામે કરવાની જરૂર પડેલ છે.

(૩) સદરહું હાલના દાવાની કોર્ટ ધ્વારા પ્રતિવાદીઓને સમન્સ નોટીસ કરવામાં આવતા પ્રતિવાદીઓને બજતા વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૨૦ થી દાવા તથા મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ કરેલ છે. વધુમાં પ્રતિવાદી નં.(૧)(અ)(બ) તરફે આંક–૨૮ થી દાવાઅરજી તથા મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. પ્રતિવાદીઓ તરફે માર્ક–૫૩/૧ થી ૫૩/૬, માર્ક–૮૦/૧ થી માર્ક–૮૦/૭ સુધીના દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ છે. તેમજ વાદી તરફે હાલનાં તબકકે પોતાના દાવાના સમર્થનમાં માર્ક–૩/૧ થી માર્ક–૩/૪૫, ૨૩/૧ થી ૨૩/૨, ૨૫/૧ થી ૨૫/૫, ૩૪/૧ થી ૩૪/૫ સુધીના દસ્તાવેજી આધાર પુરાવા તથા વાદી તરફે આંક–૪૦ થી જાલમસિંહ ફુલાભાઈ પરમાર, આંક–૪૧ થી દિનેશભાઈ રમણભાઈ બીન આતીભાઈ પરમાર, આંક–૪૨ થી લાલજીભાઈ મફતભાઈ પરમાર, આંક–૪૩ થી આતીભાઈ ઈચ્છાભાઈ પરમાર, આંક–૪૪ થી જેણાભાઈ પોપટભાઈ પરમારથી સોગંદનામા રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે વાદીઓ તરફે હાલની મનાઈ હુકમની અરજીના સમર્થનમાં આંક–૨૧ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. જેમાં વાદી દાવા અરજીમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે. વાદી તરફે આંક–૪૫ થી લેખિત દલીલ માનસહ

વંચાણે લેવામાં આવી. તેમજ પ્રતિવાદીઓ તરફે મૌખિક દલીલો રજુ કરેલ છે. જે સાંભળવામાં આવેલ છે. તથા પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ ચંદ્રાકાંતા વિ. હેમચંદ્રા એ.આઈ.આર. ૧૯૭૯ ગુહાટી ૫૫ કે.લહીરીનો ચુકાદો, એ.આઈ.આર. ૧૯૭૯ ગુહાટી ૫૯ (અગરતલા બેન્ચ) સી.એમ.લોઢા, સી.જે. એન્ડ બહારુલ ઈસ્લામ, જે. રશેન્દ્ર મોહન દત્તા વિ. એસ.કે.નંદા નો ચુકાદો, સીવીલ રીવીજન એપ્લીકેશન ગોવિંદભાઈ કેશવલાલ ઠકકર વિ. સમસ્ત લુહાણા જ્ઞાતિ ટ્રસ્ટ મજમુદાર, જે., અરવિંદભાઈ એન. પટેલ અને બીજા વિ સવિતાબેન ચતુરભાઈ પ્રભુદાસ પટેલ અને બીજા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન જસ્ટી.સ આર.આર.ત્રીપાઠી, ૨૦૦૧(૨) સી.સી.સી. ૧૮૯(એસ.સી.) સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા (કલકત્તા હાઈકોર્ટ) એસ.રાજેન્દ્ર બાબુ અને શીવરાજ વી. પાટીલ.જે જે આનંદપ્રસાદ અગ્રવાલ વિ. તાર્કેશ્વર પ્રસાદ અને બીજાઓ, ૨૦૦૧(૨) સીસીસી ૧૯૧(એસ.સી) સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા કર્ણાટક હાઈકોર્ટ ડી.પી.મોહપાત્રા અને શીવરાજ વી.પાટીલ. જેજે શ્રીમતી લક્ષ્મીબાઈ વિ. કર્ણાટકા સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, બેંગલોર., ૨૦૦૦(૦) જ.એલ.એચ.ઈ.એલ.૨૦૦૧૫૮ ગુજરાત હાઈકોર્ટ અદાણી એકપોર્ટ લીમીટેડ વિ. હિન્દુસ્તાન હિન્દુસ્તાન ઓર્ગેનીક કેમીકલસ, ૧૯૯૯(૧) જી.એલ.એચ.૧૦૫૨ સુપ્રિમ કોર્ટ અશ્વિનકુમાર કે. પટેલ વિ. ઉપેન્દ્ર જે. પટેલ અને બીજા., હાઈકોર્ટ ઓફ રાજસ્થાન સેકન્ડ અપીલ ૪૪૯/૧૯૭૨ રહીમ બકસ વિ. ઈલાહી બકસ, હાઈકોર્ટ ઓફ ગુજરાત કોરમ એસ.ડી.શાહ જે. સીવીલ અપીલ નીતીનકુમાર લક્ષ્મીદાસ વિ. સવિતાબેન પ્રાણશંકર, હાઈકોર્ટ ઓફ ગુજરાત કોરમ વાય.બી.ભટ્ટ જે. સીવીલ રીવીઝન એપ્લીકેશન મનુભાઈ ભગાભાઈ પટેલ વિ.ચીભાભાઈ રામભાઈ પટેલ, હાઈકોર્ટ ઓફ ગુજરાત કોરમ આર.એ.મહેતા જે. બાઈ ચંચળ વિ.મોતીભાઈ ઝવેરભાઈ., જે માનસહ વંચાણે લીધા.

ઉપરોકત હકીકતો હાલની અરજીના નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું અગવડતા સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન વાદીને થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દા તરફે મારા ન્યાયી નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

**// કારણો //**

## (૫) મુદ્દા નં.૧ થી ૪

ઉપરોકત મુદ્દા પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી મુદ્દા નં.૧ થી ૪ ની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

મનાઈ હુકમ ફરમાવવા બાબતે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ છે કે હાલના તબકકે આ અદાલતે પક્ષકારોના પુરાવાને જીણવટભરી રીતે તપાસવાના રહેતા નથી. તેમજ વાદી સદર દાવામાં સફળ થશે કે કેમ? એ પણ તપાસવાનું રહેતુ નથી. પરંતુ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ? તથા અગવડતા સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે કે કેમ? તેમજ જો માંગ્યા મુજબની મનાઈ હુકમ ફરમાવવામાં ન આવે તો તેનું વળતર નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવા પ્રકારનું નુકશાન વાદીને થવાની શકયતા છે કે કેમ? તે આધારે હાલની અરજીમાં નિર્ણય કરવાનો રહે છે અને આ ત્રણેય મુદ્દા એકબીજાના પુરક છે એટલે કે પ્રથમ દર્શનીય કેસ હોવા છતાં પણ મનાઈ હુકમ ન આપવાથી થતું સંભવત: નુકશાન જો નાણાંથી ભરપાઈ કરી શકાય તેમ હોય તો પણ તેવા સંજોગોમાં કોર્ટે મનાઈ હુકમ ફરમાવવાનો ઈનકાર કરવો જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો ઉપરોકત ત્રણેય મુદ્દાના જવાબ હકારમાં મળે તો જ વચગાળાનો

મનાઈ હુકમ ફરમાવી શકાય.

હાલના કેસમાં વાદીની દાવા અરજી તથા રજુ થયેલ તમામ સાધનિક કાગળો વંચાણે લેતાં તેમજ હાલની અરજીમાં વાદીએ જણાવેલ હકીકતો તથા વાદી તરફે રજુ થયેલ દલીલો વંચાણે લેતાં જણાય છે કે, દાવાવાળી જમીન સને ૧૯૫૧–૫૨ થી આજદીન સુધી રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામે ચાલતી આવેલી છે. અને તે રીતે જોતાં વાદગ્રસ્ત મિલકતના કબજેદાર તરીકે હાલના પ્રતિવાદીઓ હોવાનું તારણ પ્રથમ દર્શનીય રીતે થઈ શકે તેમ છે. વધુમાં વાદી તરફે નિ.૩/૯ થી જે લખાણ રજુ થયેલ છે. તે પાકકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નથી. પરંતુ વેચાણ કરાર છે. અને સદર કરાર આધારે હાલની દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો હસ્તાંતર થયેલો હોય તેવું પ્રસ્થાપિત થાય તેવો કોઈ સમર્થનકારક પુરાવો વાદી રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં વાદીએ પોતાની દાવા અરજીમાં તથા હાલની અરજીમાં જણાવેલ હકીકતો તથા માંગેલ દાદ વંચાણે લઈએ તો વાદી પોતાનો અધિકાર કેવી રીતે પ્રસ્થાપિત થયેલ છે તે બાબતે અસ્પષ્ટ છે. કારણકે વાદીએ એમ જણાવેલ છે કે તેમના ગુજરનાર પિતાએ દાવાવાળી મિલકત વેચાણ રાખેલ છે. અને તે રીતે તેઓને જમીનનો કબજો પ્રાપ્ત થયેલ છે. ત્યારબાદ વાદી એમ પણ જણાવે છે કે, તેઓ એડવર્સ પઝેશનથી માલિક બને છે. અને ત્યારબાદ તેઓનું એવુ પણ કથન છે કે, જો નામદાર કોર્ટ એવા નિર્ણય પર આવે કે વાદીએ દાવાવાળી જમીનના વેચાણ દસ્તાવેજ કરાવી લેવો જોઈએ તો તેવા સંજોગોમાં પ્રતિવાદીઓ વાદીને વેચાણ દસ્તાવેજ કરી આપે તેવી પણ દાદ હાલના દાવામાં માંગેલ છે. જો કે વાદીએ માંગેલ દાદ મળવા પાત્ર છે કે કેમ? તે આ તબકકે નકકી કરવાનું નથી. પરંતુ, વાદી કોઈ ચોકકસ દાદ મેળવવા માટે હાલનો લાવેલ હોવાનું સ્પષ્ટ થતું નથી. અને પોતે કેવી રીતે વાદગ્રસ્ત મિલકત પર અધિકાર ધરાવે છે તે બાબત પણ પ્રથમ દર્શનીય રીતે બતાવી શકેલ નથી. વધુમાં, પ્રતિવાદીએ રજુ કરેલ જવાબ તથા સાધનીક કાગળો ધ્યાને લેતાં તેઓ દાવાવાળી મિલકત ઉપર ટાઈટલ ધરાવતા હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ટાઈટલ ધારકની વિરુધ્ધમાં મનાઈ હુકમ ફરમાવી શકાય નહી. આ તમામ સંજોગો ધ્યાને લેતાં વાદી તરફે રજુ

થયેલ ઉપરોકત ચુકાદાનો લાભ વાદીને મળી શકે તેમ નથી. તેવું આ અદાલત નમ્ર પણે માને છે. અને તે મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાતો નથી. તેમજ અગવડતા સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં નથી. અને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવામાં ન આવે તો વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન થવાની શકયતા પણ જણાતી નથી. અને તેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ ના જવાબમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

- વાદીની હાલની આંક–૫ ની મનાઈ હુકમની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૨૭ મી, માહે.જુલાઈ, સને.૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૭/૨૦૨૨
માતર.

**(હર્ષદ અંબાલાલ પંડયા)**
**મુખ્ય સિવિલ જજ, માતર.**
**જી.જે.૦૧૨૦૩**

**કે.એ.આઝાદ (ગુજ.સ્ટેનો.)**